ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૫.૪ ડીગ્રી
લઘુતમ : ૨૮.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૪૭ ટકા

# શહેરમાં શાકભાજીના ભાવ આસમાને



ગાંધીનગર, તા. ૬
ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી શાકમાર્કેટમાં વિવિધ શાકભાજીમાં તોંતિગ ભાવ વધારો જોવા મળી રહ્યો છે. ચોમાસાની સિઝન હોવા છતા વરસાદ ખેંચાતા આ પરિસ્થિતિ ઉભી થવા પામી છે. ત્યારે શહેરના શાકના બજારોમાં દરેક શાકભાજીનો ભાવ કિલોનારૂ. ૭૦ થી ૮૦ થઈ ગયો છે. જયારે શાકભાજીના વધતા ભાવને પગલે નગરજનોને કારેલાની સાથે સાથે અન્ય શાકનો સ્વાદ પણ કડવો લાગી રહ્યા છે. કારેલા, પરવર, ગવાર, ટીંડોડા, ચોળી, સહિતનો ભાવ આસમાનને આંબી રહ્યો છે. જયારે શાકના રાજા ગણાતા બટાટાનો ભાવ પણ રૂ. ૧૦ ના સ્થાને રૂ.૩૦ થતા નાગરીકોને શુ શાક બનાવું તેની મથામણ રોજ હોય છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં હાલના સમયે વરસાદ ખેંચાતા શાકભાજીની આવક ઓછી છે. શાકમાર્કેટમાં શાકભાજીની માંગ પ્રમાણે શાક આવતુ ન હોવાથી ભાવ માં વધારો જોવા મળે છે. જયારે ગુજરાત બહારથી આવતો શાકભાજીનો જથ્થો હાલના સમયે નહીવત આવે છે.ત્યારે શહેરના નાગરીકોને શાકભાજીનો પુરવઠો આસપાસના જિલ્લાના ખેડુતો પુરો પાડી રહ્યા છે. શાકભાજીની આવક ઓછી હોવાથી શાકમાર્કેટમાં ભાવ ઉંચકાયા છે. થોડા સમય અગાઉ વિવિધ શાકભાજી કિ. રૂ.૨૦ થી ૩૦ માં વેચાતુ હતુ તે શાકભાજીના ભાવ હાલના સમયે કિ.રૂ.૮૦ થી રૂ.૯૦ થઈ ગયા છે. શાકભાજીની સાથે બટાકાનો ભાવ પણ આ સમયે કિલોના ૩૦ની આસપાસ જોવા મળે છે. ટામેટા, આદુ,મરચા, ધાણા, લીંબુ સહિતનો પણ ભાવ આસમાનને આંબી રહ્યો છે. ત્યારે સ્વાદના શોખીન અને ચટુકડા નગરજનોને હાલના સમયે કયું શાક બનાવવુ અને જમવુ તે પણ રોજની મથામણ હોય છે. ત્યારે કડવા કારેલાની સાથે સાથે શાકભાજીમાં ભાવ વધારો થતા નાગરીકોને અન્ય શાકભાજી પણ કડવાશ ભર્યા લાગી રહ્યા છે. શાકભાજીના વધતા ભાવ સાથે ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે તો કેટલીક ગૃહિણીઓ ના છુટકે શાકના અતિશય ભાવ વધારાને કારણે વિવિધ કઠોળ બનાવવા તરફ વળી છે. ત્યારે હાલના સમયે તો શાકભાજીના ભાવ કાબુમાં આવે તેની રાહ નાગરીકો જોઈને બેઠા છે.

## સે-૨૬ કિસાનનગરમાં વધુ એક ઘરફોડ : દાગીના સાફ

### મકાનમાંથી સોનાના દાગીના તથા રોકડ મળી રૂ.૪.૪૧ લાખની મત્તાની ચોરી કરી તસ્કરો ફરાર

ગાંધીનગર, તા.૬
પાટનગરમાં છેલ્લા એક મહિનાથી તસ્કર ટોળકી બેફામ બની ગઈ છે. દર બે દિવસે બે-ચાર ઘરફોડ સામટી બહાર આવે છે. પોલીસના તમામ એક્શન પ્લાન નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે ત્યારે ચોરી અટકવાનું નામ લેતી નથી અને ચોર પકડમાં આવતા નથી. શહેરના સેક્ટર-૨૬ કિસાનનગર વિસ્તારમાં વધુ એક ઘરફોડ થઈ હોવાનું બહાર આવ્યું છે. પરિવાર મકાનને તાળું માર્યું ત્રણ દિવસ માટે પોતાના ગામમાં કોલવડા ખાતે માતાજીના પ્રસંગે ગયા હતા ત્યારે રાત્રી દરમિયાન ત્રાટકેલી તસ્કર ટોળકી મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદરથી સોના-ચાંદીના દાગીના તથા અમેરિકન ડાયમંડનો સેટ અને રોકડ મળી કુલ રૂ.૪.૪૧ લાખની મતા સાફ કરી ગયા છે. સેક્ટર-૨૧ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી ઘટનાની તપાસ શરૂ કરી છે.

સેક્ટર-૨૬ કિસાનનગર ખાતે પ્લોટ નંબર ૫૪૩/ ૨ ખાતે રહેતા ઉદયભાઈ મોહનભાઈ પટેલ મૂળ કોલવડા ગામના વતની છે અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ઉદયભાઈ તેમના પરિવાર સાથે કોલવડા ગામમાં સધી માતાના મંદિરે ધાર્મિક પ્રસંગ હોવાથી ત્રણ દિવસથી કોલવડા હતા. તેમના ઘરે તાળું મારી ઉદયભાઈ પરિવાર સાથે કોલવડા ગયા હતા દરમિયાન ગત રાત્રીના સમયે તેમના ઘરે તસ્કરો ત્રાટકયા હતા. તેમના બે માળના મકાનમાં નીચે તેમનું પરિવાર રહે છે અને ઉપરનો બીજો માળ ભાડે આપેલો છે. રાત્રીના સાડા બાર વાગ્યાથી સવારના છ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન ત્રાટકેલા તસ્કરો તેમના બંધ મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર ઘુસ્યા હતા. તસ્કરોએ મકાનમાં ઘુસીને તિજોરી ખોલી અંદરથી સોના ચાંદીના દાગીનાઓ તથા એક અમેરિકન મોતી નો સેટ અને કેમેરો તથા રોકડ રૂપિયા દસ હજાર મળી કુલ રૂ.૪.૪૧ લાખની કિંમતનો મુદ્દામાલ ઉઠાવી લીધો હતો અને કીમતી આ તમામ માલ સામાનની ચોરી કરી તસ્કર ગેંગ રફુચક્કર થઈ ગઈ હતી. સેક્ટર-૨૧ પોલીસ મથકના પીઆઈ વિનોદ યાદવ મકાનમાલિકની ફરિયાદના આધારે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી ડોગ સ્કવોડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાતની ટીમ બોલાવી ગુનાની તપાસ શરૂ કરી છે.

## પતિ સહિત સાસરિયાઓ ત્રાસ આપતા હોવાની પરિણીતાએ નોંધાવી ફરિયાદ

### સે-૬માં રહેતા પતિ અને સાસુ-સસરા સહિત ચાર સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા.૬
ગાંધીનગર શહેરના સે-૬ એ ખાતે પ્લોટ નંબર ૪૩૫/૧ માં રહેતી પરિણીતા નિયતિબેન મયુરસિંહ ગોલે સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં પોતાના પતિ સહિત સાસરીના ચાર સભ્યો ત્રાસ આપતા હોવાની ફરિયાદ આપતા પોલીસે સાસરિયાઓ સામે શારીરિક-માનસિક ત્રાસ તથા મારઝૂડ અને મારી નાખવાની ધમકી સંદર્ભે ગુનો દાખલ કરી સાસરિયાંઓની ધરપકડ માટે કવાયત શરૂ કરી છે. નિયતિબેનની ફરિયાદને આધારે પોલીસે પતિ મયુરસિંહ રઘુવીરસિંહ ગોલ, સસરા રઘુવીરસિંહ હિંમતસિંહ ગોલ, સાસુ શોભનાબેન રઘુવીરસિંહ ગોલ અને કિરીટસિંહ હિંમતસિંહ ગોલ મળી સાસરીના ચાર સભ્યો સામે ગુનો દાખલ કર્યો છે અને પરણિતાના આક્ષેપ છે કે સાસરિયાઓ મળીને વર્ષ ૨૦૧૩થી અવારનવાર ઘરકામ બાબતે ઝઘડો કરી ત્રાસ આપી મારઝુડ કરતા હતા અને મારી નાખવાની ધમકીઓ પણ આપતા હતા. સેકટર-૭ પોલીસ મથકના પી.એસ.આઈ કાળાતે ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

## ભગવાન જગન્નાથના આશીર્વાદ મેળવવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળની અપીલ

ગાંધીનગર, તા.૬
ગાંધીનગર શહેરમાં ૧૯૮૫થી આરંભાયેલ ભગવાન જગન્નાથની રથયાત્રા ૩૪મા વર્ષે પણ તેના પરંપરાગત રૂટ પરથી પ્રસ્થાન કરી નગરજનોને દર્શન આપશે. રથયાત્રા ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજીની નિશ્રામાં સવારે ૭ કલાકે તા. ૧૪-૭-૨૦૧૮ના રોજ સે-૨૨ પંચદેવ મંદિરથી પ્રસ્થાન કરશે.

શહેરમાં સે-૨૨ પંચદેવ મંદિરથી પ્રસ્થાન થનાર યાત્રામાં સૌ નગરજનોને જોડાવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા અપીલ કરવામાં આવી છે. આ રથયાત્રા જયાં જયાં ફરશે ત્યાં રૂટમાં આવતા શોપીંગ સેન્ટરો પર વેપારી મંડળો દ્વારા રથયાત્રાનું સ્ગવાત કરવામાં આવશે તથા સેકટરોના વસાહત મંડળો, મહિલા મંડળો તથા જયોતિ મહિલા મંડળ દ્વારા તેનું ભવ્ય સ્વાગત કરી આશીર્વાદ મેળવવામાં આવશે.

રથયાત્રાની સે-૧૭ હનુમાન મંદિર, બાલાજી મંદિર, વિશ્વકર્મા મંદિર, ભુવનેશ્વર મહાદેવ, સંત રોહીદાસ મંદિર, અક્ષરધામ, ગુરુદ્વારા, જલારામ મંદિર, દત્ત મંદિર, હોમેશ્વર મહાદેવ એસ.આર.પી., શિવશકિત મંદિર, આર્યસમાજ મંદિર, સ્વામિનારાયણ મંદિર સે-૨૩, વૈજનાથ મંદિર, અંબાજી મંદિર સે-૨૧ ખાતે પણ પૂજા અર્ચના થશે.

આ યાત્રામાં વસાહત મંડળો, મહિલા મંડળો, વેપારી મંડળો સહભાગી બને અને સ્વાગતમાં જોડાય તેવી અપીલ વેપારી મંડળના પ્રમુખ કાળીદાસ પટેલ, વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, જયોતિ મહિલા મંડળના પ્રમુખ ચેતના બુચ સહિત આગેવાનોએ રથયાત્રા સમિતિનું તથા રથયાત્રાનું સ્વાગત કરવા અપીલ કરી નાગરિકોને પણ રથયાત્રામાં જોડાવા, વસાહત મંડળો, વેપારી મંડળો અને મહિલા મંડળોને સ્વાગતમાં જોડાવા વિનંતી કરી છે.

## સિવિલમાં ઓર્થોપેડીક વિભાગનું આઈ.આઈ.ટી.વી. મશીન બંધ

ગાંધીનગર, તા.૬
ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઓર્થોપેડીક વિભાગના ઓપરેશન થિયેટરમાં આવેલ આઈઆઈટીવી મશીન છેલ્લા અઠવાડીયાથી બંધ છે. આ મશીન બંધ રહેતા અંદાજીત ૨૦ જેટલા દર્દીઓના ઓપરેશન અટવાયા છે. મશીન કયારે શરુ થાય તે નક્કી ન હોવાથી કેટલાક દર્દીઓ રજા લઈને ઘરે જતા રહ્યા છે તો કેટલાક દર્દથી કણસી રહેલા દર્દીઓને ના છુટકે ખાનગી દવાખાનામાં ઓપરેશન કરાવવાની ફરજ પડી છે.

પાટનગરમાં મેડીકલ કોલેજ બન્યા બાદ સિવિલમાં ભારે ધમધમાટ જોવા મળી રહ્યો છે. ગાંધીનગર સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. સિવિલની ઓપીડીમાં રોજના એક હજારથી વધુ દર્દીઓ નોંધાય છે જયારે ઈમરજન્સીમાં પણ દિવસ દરમિયાન ૫૦૦ થી વધુ દર્દીઓ આવે છે. જેમાં અકસ્માતમાં ઈજા પામેલા દર્દીઓની સંખ્યા વિશેષ હોય છે. ત્યારે ગાંધીનગર સિવિલનો ઓર્થોપેડીક વિભાગનો વોર્ડ હંમેશા દર્દીઓથી ભરાયેલો જોવા મળે છે. ગાંધીનગર આસપાસના ગ્રામીણ વિસ્તારમાંથી પણ દર્દીઓ મોટીસંખ્યામાં આવે છે. ત્યારે ઓર્થોપેડીક વિભાગના ઓપરેશન છેલ્લા અઠવાડીયાથી પાછા ઠેલાય છે. કારણ કે ઓપરેશન કરતી વખતે ટીવીમાં જોઈને સર્જરી કરવાની હોય છે. જેમાં સ્ક્રુ લાંબો છે કે ટુંકો તેમજ યોગ્ય જગ્યાએ ફીટ થયો છે કે કેમ તે બધુ આઈઆઈ ટીવીમાં જોઈને નિરીક્ષણ કરવાનું હોય છે.ત્યારે આ આધુનિક અને અતિ ઉપયોગી મશીન બંધ રહેતા અઠવાડીયાથી ૨૦ જેટલા દર્દીઓના ઓપરેશન પાછા ઠેલવાનો વારો તંત્રને આવ્યો છે. જયારે ગ્રામીણ વિસ્તારના કેટલાક દર્દીઓ મશીન ચાલુ થાય ત્યારે બોલાવજો તેમ કહીને રજા લઈને ઘરે ગયા છે. જયારે દર્દથી કણસી રહેલા કેટલાક દર્દીઓએ બે ત્રણ દિવસ મશીન શરુ થાય તેની રાહ જોયા બાદ ના છુટકે ખાનગી દવાખાનામાં ઓપરેશન કરાવવાની ફરજ પડી હતી. ત્યારે ઓર્થોપેડીક વિભાગનું આઈઆઈટીવી મશીન સત્વરે શરુ થાય તેની રાહ જોઈને દર્દીઓ બેઠા છે.

## રવિવારે રોટરી કલબ ઓફ ગાંધીનગરનો પદગ્રહણ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૬
રોટરી કલબ ઓફ ગાંધીનગરની તાજેતરમાં બેઠક યોજાઈ હતી. જેમાં વર્ષ ૨૦૧૮-૨૦૧૯ માટે નવા પ્રમુખ અને સેક્રેટરી સહિતના સભ્યોની વરણી કરવામાં આવી છે. રોટરી કલબ ઓફ ગાંધીનગરનો પદગ્રહણ સમારોહ આગામી તા.૮ જુલાઈને રવિવારના રોજ સાંજે ૬ કલાકે નિફટ કોલેજના ઓડીટોરીયમ હોલ ખાતે યોજાશે.

રોટરી કલબ ઓફ ગાંધીનગરના આ સમારોહમાં નવા પ્રમુખ તરીકે રોટેરીયન અનંત પટેલ અને સેક્રેટરી તરીકે રોટેરીયન ધર્મેન્દ્ર પટેલ પદગ્રહણ કરશે. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે પદ્મશ્રી એવોર્ડ વિજેતા ગેનાભાઈ પટેલ, પૂર્વ જિલ્લા ગર્વનર રોટેરીયન જગદીશભાઈ પટેલ અને આસીસ્ટન્ટ જિલ્લા ગર્વનર રોટેરીયન ડો.સમીર બાબરીયા સહિત મોટીસંખ્યામાં ભાઈ બહેનો ઉપસ્થિત રહેશે.

## સે-૨૪માં વીજબોક્સ ખુલ્લા હોવાથી અકસ્માતનો ભય







ગાંધીનગર, તા.૬
શહેરના વિવિધ વિસ્તારોમાં વીજકંપની દ્વારા વીજળીનો યોગ્ય રીતે પુરવઠો પુરો પાડી શકાય તે માટે વિજબોકસ મુકવામાં આવ્યા છે. પરંતુ કેટલાક સ્થળોએ આ વીજબોકસ ખુલ્લા હોવાથી વસાહતીઓ માટે પણ ઝોખમી બની શકે તેમ છે. ત્યારે સેકટર-૨૪ ગાર્ડનની આસપાસ આવેલા તમામ બીજબોકસ ખુલ્લા હોવાથી ભવિષ્યમાં ગંભીર અકસ્માત સર્જાવાનો ભય નાગરીકોને સતાવી રહ્યો છે.

ગુજરાત રાજયની રાજધાની ગાંધીનગરમાં વિજપુરવઠો વિતરણ કરવાનું કામ કરતી કંપની દ્વારા ઠેકઠેકાણે વીજબોક્સ (નાની ડીપી), લગાડવામાં આવ્યા છે. આ બીજબોકસ થકી સ્થાનિક વિસ્તારોમાં યોગ્ય રીતે વીજનો પુરવઠો આપી શકાય તે પ્રકારે મુકવામાં આવ્યા છે.આ વીજબોકસ લગાવતી વખતે બોકસની ચોતરફ કંપની દ્વારા પ્રોટેકશન વોલ બનાવવામાં આવતી હોય છે. પરંતુ ગણી જગ્યાએ આ કામગીરી નહી થતા ખુલ્લા વીજબોકસ જોખમી બન્યા છે. ત્યારે શહેરના સેકટર-૨૪માં જાહેર બગીચાની આજુબાજુમાં વીજબોક્સ લગાવવામાં આવ્યા છે. જેમાં વીજ પુરવઠાનું વિતરણ થઈ શકે તે માટે કેબલો નાંખવામાં આવ્યા છે. પરંતુ આ બીજબોક્સ સુરક્ષિત થઈ શકે તે માટે લગાડવામાં આવતી દિવાલો ન હોવાથી અકસ્માત પણ નોતરી શકે તેમ છે. ત્યારે હાલમાં ચોમાસાની સિઝન ચાલી રહી છે. ત્યારે વરસાદી માહોલમાં વીજબોકસ ખુલ્લા હોવાથી સ્થાનિકો માટે ગંભીર અકસ્માત નોતરશે તેવો ભય પણ નાગરીકોને લાગી રહ્યો છે. ત્યારે કંપની દ્વારા આ કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## ખ-માર્ગ પર બેફામ જતી ઈનોવાની ટક્કરે સરગાસણના આધેડનું મૃત્યુ

ગાંધીનગર, તા.૬
શહેરના ખુલ્લા માર્ગો પર બેફામ ગતિએ જતા વાહનચાલકો બેકાબુ બનતા જીવલેણ માર્ગ અકસ્માતોની સંખ્યા દિન-પ્રતિદિન વધવા લાગી છે. હિટ એન્ડ રનના કિસ્સાઓ પણ બમણા થઈ ગયા છે ત્યારે ગઈકાલે ખ- માર્ગ ઉપર વધુ એક આવો જીવલેણ અકસ્માત સર્જાવા પામ્યો હતો. બેફામ ગતિએ જતી ઈનોવા કારે ખ-૨ ત્રણ રસ્તા પાસે એક બાઈક ચાલકને અડફેટે લઈ લેતા બાઈકચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મૃત્યુ હતું. સરગાસણ ખાતે રહેતા બાઈકચાલક આધેડના દીકરાની ફરિયાદના આધારે સેકટર-૭ પોલીસે ઈનોવા ચાલક સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે કવાયત શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા સરગાસણ ખાતેની સત્યમેવ ફેમોસા નામની રેસીડેન્સી સ્કીમમાં મકાન નંબર બી/૧૦૨ ખાતે રહેતા રમેશભાઈ પટેલ ગઈકાલે સાંજના અરસામાં પોતાનો બાઈક લઈને ખ-માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન ખ માર્ગો પર બેફામ ગતિએ નીકળેલી જીજે ૯ વીસી ૮૧૯૦ નંબરની ઈનોવા બેકાબૂ બની હતી અને આ ઈનોવાના ચાલકે રમેશભાઈના બાઈકને અડફેટે લેતા રમેશભાઈ બાઈક સાથે રસ્તા પર ફંગોળાઈને પટકાયા હતા. તો બીજી તરફ ગાડી પણ ડીવાઈડર પર ચડી ગઈ હતી. અકસ્માત ગંભીર રીતે ઘવાયેલા રમેશભાઈને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા પરંતુ ત્યાં સુધીમાં તેમના પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા. માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા રમેશભાઈના દીકરા હિતેશભાઈને ઘટનાની જાણ થતા તેમના તથા તેમના પરિવારના સભ્યોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. સેકટર-૭ પોલીસ મથકમાં હિતેશભાઈ પટેલની ફરિયાદના આધારે ઈનોવા ચાલક સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને પી.એસ.આઈ એસ.ડી ચૌધરીએ ગુનો દાખલ કરીને ઘટનાની તપાસ સંભાળી આરોપી ચાલકની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

## કલોલ તાલુકાના વિસ્તરણ અધિકારી એચ.એમ. સૈયદનો વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૬
કલોલ તાલુકા પંચાયતમાં ફરજ બજાવતાં એચ.એમ. સૈયદ (વિસ્તરણ અધિકારી)નો વિદાય સમારોહ સભાખંડમાં યોજાયો હતો. જેમાં પ્રથમ તાલુકા વિકાસ અધિકારી જગતસિંહ ઠાકોરે પુષ્પ ગુચ્છથી સ્વાગત કર્યું હતું.



ત્યારબાદ વિજાપુરા ટી.ડી.ઓ. વિપુલભાઈ અને જિલ્લા મંડળના પ્રમુખ બળદેવભાઈએ શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું. કાર્યક્રમમાં અધિકારી એચ.એમ. સૈયદની વિશિષ્ટ કામગીરીને સાથી કર્મચારીઓ અને અધિકારીઓએ બિરદાવી હતી અને તેમની ખોટ હરહંમેશ પડશે તેમ જણાવી તેમનું નિવૃત્તિ જીવન સુખમય પસાર થાય તેવી શુભકામના પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન જિલ્લા તલાટી મંડળના પ્રમુખ બળદેવભાઈએ સંભાળ્યું હતું.

## ભાવસાર મિત્ર મંડળની વાર્ષિક સભા યોજાશે

ગાંધીનગર, તા.૬
ભાવસાર મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે રમત ગમત તેમજ જુનિયર કેજીથી દરેક ધોરણના તેજસ્વી (ધો-૧૧ સિવાય) તેજસ્વી ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને પારિતોષિક આપવામાંઆવશે. માર્કશીટની ઝેરોક્ષ તા. ૩૧મી જુલાઈ સુધી મંડળના હોદ્દેદારોને મોકલી આપવી. ધો-૧૦, ૧૨, સ્નાતક તેમજ વિશિષ્ટ અભ્યાસક્રમની માર્કશીટની બે ઝેરોક્ષ નકલો આપવી. વિદ્યાર્થીએ પુરું નામ, સરનામું, ટેલિફોન નંબર ફરજિયાત લખવા. વાર્ષિક સામાન્ય સભા ૫મી ઓગષ્ટે સવારે ૧૦.૩૦ કલાકે ટાઉનહોલ સામેની લોનમાં, સેકટર-૧૭ ખાતે રાખેલ છે તો સર્વે સભ્યોને હાજર રહેવા પ્રમુખ મહેન્દ્રભાઈ ભાવસારે જણાવ્યું છે.

### ચિરવિદાય

- સ્વ. જીવતબેન વિનુભાઈ ઠાકોર, ઉ.વ. ૪૮
- સ્વ. ઠાકોર મુકેશજી જોઈતાજી, ઉ.વ. ૨૫